**પ્રશ્ન- : બાજરીની વૈજ્ઞાનિક ખેતી કરવા મુખ્ય કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ ?**

જવાબ: સુધારેલી જાતો જેવીકે રજકા-બાજરી, જાયન્ટ બાજરી અને ગુજરાત ઘાસચારા બાજરી-૧ પસંદ કરવી.બાજરીનું વાવેતર ચોમાસા અને ઉનાળામાં થાય છે, પરંતુ અછતની પરિસ્િથિતિમાં પિયતની માર્યાદિત સુવિધા હોય ત્યાં સપ્ટેમ્બર-ઓકટોબરમાં પુર્વ રવી પાક તરીકે વાવણી કરી શકાય.

પ્રતિ કિ.ગ્રા. બીજ દીઠ ૩ ગ્રામ થાયરમ/કેપ્ટાનનો પટ આપવો. એઝેટોબેકટર અથવા એઝોસ્પિરીલમ કલ્ચર ૪ કિ.ગ્રા. બીજ દીઠ ૨૦૦ ગ્રામ પ્રમાણે બીજ માવજતની ભલામણ છે.

વિઘા દીઠ ૧.૫ કિ.ગ્રા. દર રાખી બે હાર વચ્ચે ૩૦-૪૫ સે.મી.ના અંતરે વાવણી કરવી.

જમીન તૈયાર કરતી વખતે વિઘા દીઠ ૧.૫ ટન છાણીયું ખાતર આપવું. વાવણી વખતે વિઘે ૮ કિ.ગ્રા. ડાયએમોનિયમ ફોસ્ફેટ અને ૩૦ કિ.ગ્રા. એમોનિયમ સલ્ફેટ તેમજ દરેક કાપણી વખતે ૧૭ કિ.ગ્રા. યુરિયા આપવું જોઈએ.

નીંદણ નિયંત્રણ માટે ૧-૨ આંતરખેડ અને એક વખત હાથ નિંદામણ કરવું. રાસાયણીક નીંદણ નિયંત્રણ માટે વાવણી બાદ બીજા દિવસે ભેજવાળી જમીનમાં ૨૦ ગ્રામ એટ્રાઝીન પ્રતિ ૧૦ લીટર પાણી પ્રમાણે ઓગાળી છંટકાવ કરવો. વાવેતર બાદ ૨૫-૩૦ દિવસે ૧૦ લીટર પાણીમાં ૫૫ મીલી ૨,૪-ડી (ઈઈ) પ્રમાણે ઓગાળી છંટકાવ કરી શકાય. જો બાજરી પછી મગફળી, કપાસ કે કઠોળ પાકો લેવાના હોય તો બાજરીમાં વાવણી બાદ બીજા દિવસે ૧૦ લીટર પાણીમાં ૩૦ મીલી એલાકલોર પ્રમાણે છંટકાવ કરવો.જરૂરિયાત મુજબ ૧૦-૧૫ દિવસના અંતરે પિયત આપવું જોઈએ.

પ્રથમ કાપણી ૫૦% ફુલ અવસ્થાએ ૪૫-૫૦ દિવસે અને ત્યારબાદ દરેક કાપણી ૩૦-૩૫ દિવસે કરવી.એક કાપણીમાં વિઘે ૪૫ થી ૫૫ કિવન્ટલ અને બે કાપણીમાં ૯૫-૧૧૦ કિવન્ટલ લીલા ચારાનું ઉત્પાદન મળે છે.

**પ્રશ્ન- : બાજરીમાં ખાતર વ્યવસ્થા માટે શું કાળજી રાખવી જોઈએ ?**

- બીજને એઝેટોબેકટર અને ફોસ્ફેટ કલ્ચરનો પટ આપવો.
- રાસાયણિક ખાતરોમાં હેકટરે ૪૦ કિ.ગ્રા. નાઈટ્રોજન અને ૪૦ કિ.ગ્રા. ફોસ્ફરસ વાવણી વખતે આપવો. હેકટરે ૨૫ કિ.ગ્રા. નાઈટ્રોજન વાવણી પછી ૨૦ દિવસે તેમજ હેકટરે ૧૫ કિ.ગ્રા. નાઈટ્રોજન વાવણી પછી ૪૫ દિવસે પૂર્તિ ખાતર તરીકે આપવું.
- રા.ખા.ના અડધા જથ્થા સાથે કંપોષ્ટ ૨.૫ ટન અને દિવેલીનો ખોળ ૫૦૦ કિ.ગ્રા./હે. આપવો.
- જમીન ચકાસણી મુજબ પોટાશ, ગંધક અને સુક્ષમ તત્વો આપવા.
- ગંધકની પૂર્તિ માટે જિપ્સમ ૨૫૦ કિ.ગ્રા./હે. આપવું.